| Published Date: | 13 Sep 2025 | Publication: | Prabhat (Gujarati) [Ahmedabad] |
|---|---|---|---|
| Journalist: | Bureau | Page No: | 2 |
| Circulation: | 22,572 | | |

# ટાટા એસેટ મેનેજમેન્ટે બ્લુ-ચીપ લીડર્સનો લાભ લેવા ટાટા નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

ભારતના અગ્રણી ફંડ હાઉસીસમાં સ્થાન ધરાવતા ટાટા એસેટ મેનેજમેન્ટે ટાટા નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ ફંડના લોન્ચ સાથે તેની પેસિવ ઓફરિંગ્સમાં વધારો કર્યો છે. આ એક ઓપન એન્ડેડ સ્કીમ છે જેનો ઉદ્દેશ્ય નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ (ટીઆરઆઈ)ના પર્ફોર્મન્સને ટ્રેક કરીને તેને અનુસરવાનો છે. ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ખૂલશે અન ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે.

નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ એ નિફ્ટી ૧૦૦ યુનિવર્સમાં ફ્રી ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશન દ્વારા ૫૧-૧૦૦ રેંક્રિંગ ધરાવતી કંપનીઓ દર્શાવે છે. આ એવી કંપનીઓ છે જે આવતીકાલની બ્લુ ચિપ બનવાની અને લાંબા ગાળે નિફ્ટી ૫૦માં સ્થાન મેળવવાની સંભાવના ધરાવતી હોવાનું ઘણીવાર જોવા મળે છે. આ ઈન્ડેક્સે ઐતિહાસિક રીતે પાવર, કેપિટલ ગુડ્સ, કન્ઝ્યુમર સર્વિસીઝ, હેલ્થકેર, એફએમસીજી, રિયલ્ટી અને સ્પેશિયલ્ટી કેમિકલ્સ જેવા વિવિધ ઉદ્યોગોમાં ઈમર્જિંગ લીડર્સ તરીકેનું રોકાણકારોને એક્સપોઝર આપ્યું છે જે પૈકીની અનેક નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં ઓછું પ્રતિનિધિત્વ ધરાવે છે.

આ પ્રસંગે ટાટા એસેટ મેનજેમેન્ટના ચીફ બિઝનેસ ઓફિસર આનંદ વરદરાજને જણાવ્યું હતું કે નિફ્ટી નેક્સ્ટ ૫૦ એ નિફ્ટી ૫૦માં એક્સપોઝરને પૂરક બનાવતી સારી રીતે વૈવિધ્યતા ધરાવતી લાર્જ કેપ કંપનીઓનો સમૂહ રજૂ કરે છે. ટાટા નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ ફંડ દ્વારા અમારો ઉદ્દેશ્ય અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં નવી તકોને આકાર આપી રહેલા એવા વ્યવસાયોની સંભવિત વૃદ્ધિમાં ભાગ લેવા માટે રોકાણકારોને પારદર્શક માર્ગ આપવાનો છે જેનો હેતુ ભારતના મૂડી બજારોમાં પોતાની સ્થિતિને વધુ મજબૂત બનાવવાનો છે.

નિફ્ટી નેક્સ્ટ ૫૦ સ્ટોક અને બેઝિક ઈન્ડસ્ટ્રી લેવલ પર વધુ ડાયવર્સિફિકેશન પૂરું પાડે છે અને ખૂબ સારો પોર્ટફોલિયો ધરાવે છે જ્યાં ટોચના ત્રણ સેક્ટર્સનો હિસ્સો કુલ ઈન્ડેક્સ વેઈટના ૪૦ ટકા છે (સ્રોતઃ એનએસઈ, ડેટા ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ના). નિફ્ટી ૫૦માં જો કે ટોચના ત્રણ સેક્ટર્સનો હિસ્સો ૬૦ ટકા છે. નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ ટોચના ૧૦૦ શેરોમાંથી ૧૯ અનન્ય ઉદ્યોગોને આવરી લે છે?